# માઇક્રોફાઇનાન્સ ના પલ્સ

વોલ્યૂમ ૯ - જુલાઈ ૨૦૨૧



# વિશ્લેષણાત્મક સંપર્ક


## ઇકવીફેક્સ

કિરણ સમુદ્રાલા
વીપી -વિશ્લેષક
kiran.samudrala@equifax.com

શ્રુતિ જોષી

એ વી પી - વિશ્લેષક

shruti.joshi@equifax.com

વંદના પંચાલ

વરિષ્ઠ કારોબારી વિશ્લેષક
vandana.panchal@equifax.com

## સીડબી

કૈલાશ ચંદર ભાનૂ
સીજીએમ - સી એસ અને આર વી - ઇરડા
erdav@sidbi.in

રંગદાસ પ્રભાવતી
ડીજીએમ - સી એસ અને આર વી - ઇરડા
erdav@sidbi.in

રમેશ કુમાર
સહા પ્ર - સી એસ અને આર વી - ઇરડા
rameshk@sidbi.in

# અનુક્રમણિકા


- કારોબારી સારાંશ ૦૪
- સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી ૦૫
- માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી ૦૬
- વિતરણ ના વલણો ૦૯
- ઇન્ડસ્ટ્રીના જોખમની રૂપરેખા ૧૨
- ભૌગોલિક સંપર્ક સૂત્ર ૧૪
- રાજ્યની વ્યાપક રૂપરેખા : કર્ણાટક ૧૭
- મહત્વાકાંક્ષી જિલ્લાઓ ૨૨
- કોવિડ - ૧૯ અને ભૌગોલિક વલણો ૨૪

# કારોબારી સારાંશ

સપ્લાય ચેન અને બિઝનેસ ઓપરેશન માં કોવિડ ૧૯ ના લીધે થયેલા વિક્ષેપના કારણે માઈક્રો ફાઇનાન્સ સેક્ટર પર ખુબજ ગંભીર અસરો પડેલ છે, ખાસ કરીને ઓછી આવક સમૂહ . માઈક્રો ફાઇનાન્સ ના પલ્સની ૯ મી આવૃત્તિ એ ૩૧ માર્ચ ૨૦૨૧ ના ડેટાની પ્રસ્તુતિ પર આધારિત છે જે માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી ના વલણ અને વિકાસ ને આવરી લે છે.

૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની બુક વેલ્યૂ રૂ. ૨૪૯,૨૭૭ કરોડ હતી , જેમાં બેંક્સ અને નોન બેન્કિંગ ફાઇનાન્સિઅલ કંપની અને માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓના પોર્ટફોલિયો પ્રમાણે બાકી લેણું ૭૫% કરતા વધારે હતું . વર્ષાન્તરે સરખામણી કરતા માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીનો વિકાસ દર ૧૮% નોંધવામાં આવ્યો હતો માર્ચ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ માં બાકી લેણાં ના પોર્ટફોલિયોની વાત કરીએ તો તેમાં સ્થિતિસ્થાપકતા જોવા મળે છે, તે પુનઃ સ્થિતિ પ્રાપ્ત કરી રહ્યું છે અને પ્રિ-કોવિડ સ્તર તરફ પાછું ફરી રહ્યું છે. ધીરાણ શ્રેણીની વાત કરીએ તો, વર્ષાન્તરે બેન્કોએ સૌથી વધુ ૩૬% વિકાસ હાંસલ કર્યો છે અને માર્કેટ શેરમાં સાતત્યપૂર્ણ વધારો દર્શાવેલ છે.

જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૧ માં માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીએ રૂ ૯૩,૧૦૦ કરોડ ના લોનનું વિતરણ કર્યું હતું . વોલ્યુમના હિસાબે લોન વિતરણનો વર્ષાન્તરે વિકાસ દર જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૧ માં ૧૭% અને જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૧ માં વેલ્યુના હિસાબે ૨૬% નોંધવામાં આવ્યો હતો વિતરણ બાબતે દરેક ત્રિમાસિકમાં બેંકોની હિસ્સેદારી સૌથી વધુ રહી હતી. ઓકટોબર નવેમ્બર ડિસેમ્બર ૨૦૨૦ ની સરખામણીમાં જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૧ માં લોન વિતરણના આંકડા અને એવરેજ ટિકટ સાઇઝમાં ૧૯% નો વધારો જોવા મળ્યો હતો.

ઇન્ડુસટ્રીમાં ઉઘરાણી બાબતે કુશળતા અને કાર્યક્ષમતા નોંધવામાં આવેલ છે પરિણામસ્વરૂપે એક્ટિવ લોન બાસ્કેટમાં પણ ડિસેમ્બર ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં સાનુકૂળતા જોવા મળે છે.

પોર્ટફોલિયો આઉટસ્ટેન્ડિંગમાં વર્ષાન્તરે વિકાસ ના આધારે પશ્ચિમ બંગાળ ૨૫% હિસ્સા સાથે ટોચ પર છે જે ઇન્ડસ્ટ્રીના ૧૮% વિકાસ કરતા વધારે છે મહારાષ્ટ્ર જે માર્ચ ૨૦૨૦ માં ૫ માં સ્થાને હતો ત્યાંથી સરકીને માર્ચ ૨૦૨૧ માં ૬ઠા સ્થાને છે. કર્ણાટક સિવાય દરેક ટોચના રાજ્યોની ૯૦+ અશિષ્ટતા માં માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં સુધારો જોવા મળ્યો છે.

અમારા ટોચના રાજ્યની માઈક્રો ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂશન પર ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રક્રિયાના ભાગ રૂપે, આ આવૃત્તિમાં અમે કર્ણાટક રાજ્યની વિસ્તૃત રૂપરેખા લાવ્યા છિએ. ૩૧ માર્ચ ૨૦૨૧ ના દિવસે કર્ણાટક રાજ્યનો પોર્ટફોલિયો ઓઉટસ્ટેન્ડિંગ રૂ. ૨૦,૩૩૦ કરોડ હતું અને તે માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં વર્ષાન્તરે ૧૬% નો વિકાસ દર નોંધાવે છે વોલ્યૂમ પ્રમાણે લોન લેવા બાબતે કર્ણાટક રાજ્યે જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૧ માં વર્ષાન્તરે ૧૨% નો વધારો નોંધાવેલ છે. કર્ણાટક રાજ્ય બાબતે એકંદરે ૯૦+ અશિષ્ટતા જે માર્ચ ૨૦૨૦ માં ૨.૪૧% હતી તે ઘટીને માર્ચ ૨૦૨૧ માં ૧.૭૩% પર આવી ગયી છે.

કોવિડની કટોકટી અને તેની વ્યાપક અસર નોર્થ, સાઉથ, ઈસ્ટ અને વેસ્ટ ઝોન પર આ આવૃત્તિમાં આવરી લેવામાં આવેલ છે. રકમ વિતરણમાં કુલ રકમ વિતરણના ૪૫% હિસ્સા સાથે ઈસ્ટ ઝોન ઉચ્ચ સ્થાને છે માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં બેંકો દ્વારા કરવામાં આવતા વિતરણ નો માર્કેટ શેર દરેક ઝોન માં વધ્યો છે. એવરેજ ટિકટ સાઇઝની વાત કરીએ તો જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં વર્ષાન્તરે જાન્યુઆરી ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૧ માં સાઉથ ઝોને સૌથી વધુ ૧૩% વિકાસ હાંસલ કર્યો છે.

# સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી

- એ.ટી.એસ (એવરેજ ટિકટ સાઈઝ ) = વિતરણ કરેલી લોન / લોન ના આંકડા
- ડીપીડી = બાકી લેણાના દિવસો
- ચાલુ દેવાદારો અથવા દેવાદારો અથવા એક્ટિવ લોન્સ = ૦ થી ૧૭૯ ડીપીડી + નવા ખાતા + ચાલુ ખાતા
- એમ એફ આઈ = માઈક્રો ફાઇનાન્સ સંસ્થા
- પી ઓ એસ = બાકી પોર્ટફોલિયો
- યુ ટી = યુનિયન ટેરિટોરી
- મહત્વાકાંક્ષી જિલ્લાઓ ( એ ડી ) - જિલ્લાઓની ( હાલની સંખ્યા ૧૧૭ છે) નીતિ આયોગ / ભારત સરકાર દ્વારા સુધારા અને માનવ વિકાસ ઈન્ડેક્સ ને ઊંચું લાવવા માટે જાન્યુઆરી ૨૦૧૮ માં ઓળખવામાં આવ્યા છે કે જે માનવ સ્વાસ્થ્ય, પોષણ, ભણતર, કૃષિ અને જળ સંસાધનો, વિત્તીય સમાવેશન, કામગાર કુશળતા અને મૂળભૂત માળખું (ઇન્ફ્રાસ્ટ્રક્ટચર ) ના સંયુક્ત સુચનનાંકોને આવરી લેવામાં આવ્યા છે.

- ૧ - ૧૭૯ = ૧ થી ૧૭૯ ડીપીડી / ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૧ - ૨૯ = ૧ થી ૨૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦ ૫૯ = ૩૦ થી ૫૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૬૦ - ૮૯ = ૬૦ થી ૮૯ ડીપીડી / ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦ - ૧૭૯ = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦+ અશિષ્ટતા = ૩૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦+ અશિષ્ટતા = ૯૦ થી ૧૭૯ ડીપીડી / ચાલુ બાકી પોર્ટફોલિયો

- જે એફ એમ'૨૦ - જાન્યુઆરી ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૦
- એ એમ જે'૨૦ = એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦
- જે એ એસ; ૨૦ = જુલાઈ ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૦
- ઓ એન ડી' ૧૯ = ઓક્ટોબર ૨૦૧૯ થી ડિસેમ્બર ૨૦૧૯
- જે એફ એમ'૨૧ = જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૧


EQUIFAX

sidbi

# માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી અવલોકન / ઝાંખી



# માઈક્રો ફાઇનૅન્સ ઇન્ડસ્ટ્રી
# ૩૧ માર્ચ ૨૦૨૧
# ના રીજનો સ્નેપશોટ





| ૩૧ માર્ચ ૨૦૨૧ ના રીજનો સ્નેપશોટ | બેંક્સ | એસએફબીએસ | એનબીએફસીઝ-એમએફઆઈઝ | એનબીએફસીઝ | નફો ન કરનાર એમએફઆઈઝ | કુલ ઉદ્યોગ |
|---|---|---|---|---|---|---|
| વિશિષ્ટએક્ટિવ દેવાદારો ('000) | 27,359 | 13,531 | 24,700 | 7,297 | 846 | 73,733 |
| એક્ટિવ લોન્સ ('000) | 41,529 | 16,779 | 36,368 | 7,866 | 1,108 | 103,650 |
| પોર્ટફોલિયો(રૂ કરોડમાં) | 109,867 | 38,903 | 79,420 | 18,992 | 2,095 | 249,277 |
| વિતરણ કરેલી લોન(રૂ કરોડમાં) - જેએફએમ'૨૧ | 48,665 | 11,603 | 27,395 | 4,671 | 766 | 93,100 |
| એવરેજ ટિકટ સાઈઝ (રૂ) - જે એફ એમ'૨૧ | 43,417 | 36,993 | 35,223 | 41,256 | 32,037 | 39,627 |
| ૩૦+ અશિષ્ટતા (બાકી પોર્ટફોલિયો) | 10.63% | 8.06% | 7.15% | 10.56% | 1.72% | 9.04% |
| ૯૦+ અશિષ્ટતા (બાકી પોર્ટફોલિયો) | 4.81% | 3.51% | 3.33% | 5.06% | 0.95% | 4.12% |

- ૩૧ માર્ચ ૨૦૨૧ ના રીજ માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓનો કુલ દેવું રૂ ૨૪૯.૨૭૭ કરોડ હતું
- બાકી પોર્ટફોલિયો માં નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઝ અને માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓની હિસ્સેદારી ૭૫% કરતા વધુ હતી.
- જાન ફેબ માર્ચ ૨૦૨૧ ના રીજ કુલ વિતરણ રૂ ૯૩,૧૦૦ કરોડ હતું જેમાં બેન્કોનો ફાળો ૫૨% અને નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઝ અને માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓની હિસ્સેદારી ૨૯% હતી.
- ૩૦+ અને ૯૦+ અશિષ્ટતા નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઝ અને માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓ, સ્ટેટ ફાઇનાન્સ બીડિઝ અને નફો ન રળતી માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓની હિસ્સેદારી ઇન્ડસ્ટ્રી ની સરખામણીમાં ઘણી નીચી હતી

**Note:** In MFI segment there are ~6 crore unique live borrowers. Difference in the unique number of customers is due to the customers having multiple relationships with SFBs, Banks, NBFC-MFIs, NBFCs and Not for Profit MFIs.

# માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી અવલોકન / ઝાંખી

**માર્કેટ શેરના વલણો અને ધિરાણકારનારાઓના પ્રકાર**




| Particulars | Mar' 20 | Jun' 20 | Sep' 20 | Dec' 20 | Mar' 21 |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 81,001 | 91,920 | 93,409 | 96,683 | 109,867 |
| એસએફબીએસ | 38,986 | 39,225 | 42,682 | 38,109 | 38,903 |
| એનબીએફસીઝ-એમએફઆઇઝ | 72,110 | 71,342 | 70,142 | 73,166 | 79,420 |
| એનબીએફસીઝ | 18,073 | 19,875 | 19,838 | 18,988 | 18,992 |
| નફો ન એમએફઆઇઝ | 1,679 | 1,842 | 1,772 | 1,872 | 2,095 |
| કુલ ઉદ્યોગ | 211,849 | 224,204 | 227,843 | 228,818 | 249,277 |
| ત્રિમાસિક વિકાસની % | - | 6% | 2% | 0% | 9% |


- માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી કોવીડ પહેલાંના સ્તરે પછી ફરી રહી છે. ડિસેમ્બર ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ ના ત્રિમાસિક ગાળામાં ઇન્ડસ્ટ્રીએ ૯% નો વિકાસ દર હાંસલ કરેલ છે, જો માર્ચ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ ની વાત કરીએ તો આ વાર્ષિક વિકાસ દર ૧૮% જેટલું થાય છે.
- દેણદારની શ્રેણીમાં સાતત્યપૂર્ણ વધારા સાથે બેન્કોએ વાર્ષિક ધોરણે ૩૬% નો વિકાસ નોંધાવ્યો છે.
- એનબીએફસીઝ, માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓ અને એસએફબીઝ નો ધિરાણ દર માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં આશરે ૨% ઘટાડો નોંધાયો છે.

# વિતરણના વલણો



# સંસ્થાઓ પ્રમાણે વિતરણના વલણો

## માર્કેટ શેરના વલણો અને ધિરાણકારનારાઓના પ્રકાર





No. of Loans Disbursed (in lakh)

| દેણદારનો પ્રકાર | જેએફએમ'૨૦ | એએમજે'૨૦ | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ'૨૧ |
|---|---|---|---|---|---|
| Banks/ બેંક્સ | 83 | 14 | 47 | 102 | 112 |
| SFBs / એસએફબીઝ | 31 | 5 | 12 | 20 | 31 |
| NBFC-MFIs / એનબીએફસીઝ-એમ એફ આઇઝ | 73 | 2 | 33 | 65 | 78 |
| NBFCs / એનબીએફસીઝ | 11 | 1 | 5 | 8 | 11 |
| Not for Profit MFIs / નફો ન એમએફઆઇઝ | 3 | 1 | 2 | 2 | 3 |
| Total Industry / ઇન્ડસ્ટ્રીનો સરવાળો | 201 | 23 | 99 | 197 | 235 |

- જેએફએમ'૨૧ માં કુલ વિતરણ રૂ ૯૩,૧૦૦ કરોડ હતું જે વાર્ષિક આધારે જેએફએમ'૨૦ ની સરખામણીમાં જેએફએમ'૨૧ માં ૨૬% વૃદ્ધિ દર્શાવે છે.
- બેન્કોએ બધી જ ત્રિમાસિકમાં સિંહફાળો આપ્યો છે.
- જેએફએમ'૨૦ ની સરખામણીમાં જેએફએમ'૨૧ માં લોન લેનારાઓમાં ૧૭% નો વધારો નોંધવામાં આવ્યો છે.
- વોલ્યુમના આધારે જોઈએ તો જેએફએમ'૨૦ ની સરખામણીમાં જેએફએમ'૨૧ માં લોન વિતરણમાં ૩૫% નો વધારો નોંધવામાં આવ્યો છે.

# ઇન્ડસ્ટ્રીમાં ટિકટ સાઇઝના વલણો




No. of Loans Disbursed (in lakh)


| ટિકટ સાઇઝ | જેએફએમ'૨૦ | એએમજે'૨૦ | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ'૨૧ | વૃદ્ધિ દર % |
|---|---|---|---|---|---|---|
| 0K-10K/ ૦કે -૧૦ કે | 9 | 2 | 4 | 34 | 19 | 111% |
| 10K-20K / ૧૦કે-૨૦કે | 12 | 10 | 16 | 20 | 19 | 58% |
| 20K-30K / ૨૦કે - ૩૦ કે | 46 | 2 | 18 | 33 | 39 | -15% |
| 30K-40K / ૩૦કે- ૪૦કે | 63 | 3 | 24 | 44 | 59 | -6% |
| 40K-50K / ૪૦કે- ૫૦કે | 33 | 2 | 18 | 29 | 38 | 15% |
| 50K-60K / ૫૦કે-૬૦કે | 19 | 2 | 10 | 18 | 28 | 47% |
| 60K Plus / ૬૦કે+ | 19 | 2 | 9 | 19 | 33 | 74% |
| Total / સરવાળો | 201 | 23 | 99 | 197 | 235 | 17% |
| Q-o-Q loan disbursal growth rate% / વાર્ષિક લોન વિતરણમાં વૃદ્ધિ | - | -89% | 330% | 99% | 19% | - |
| All India ATS / ઓલ ઇન્ડિયા એટીએસ (₹) | 36,723 | 28,577 | 35,519 | 33,190 | 39,627 | - |
| ક્વાર્ટર ક્વાર્ટર એટીએસ વૃદ્ધિ દર % | - | -22% | 24% | -7% | 19% | - |

- જેએફએમ'૨૧ માં, ૨૦ કે થી ૪૦ કે ની ટિકટ સાઇઝમાં ૯૮ લાખ નવી લોન આપવામાં આવી હતી જે નવી આપેલી લોનના ૪૨% થવા જાય છે.
- ૦ કે થી ૧૦ કે ની  ટિકટ સાઇઝમાં વાર્ષિક વૃદ્ધિ દર ૧૧૧% નોંધવામાં આવ્યો હતો.
- ઓ એન ડી'૨૦ ની સરખામણીમાં  જેએફએમ'૨૧ માં અખિલ ભારતીય લોન વિતરણ અને એવરેજ ટિકટ સાઇઝમાં ૧૯% ની વૃદ્ધિ જોવા મળી છે.


EQUIFAX

sidbi

# ઇન્ડસ્ટ્રીમાં જોખમની રૂપરેખા



# અશિષ્ટતાના વલણો




| રિપોર્ટિંગ ત્રિમાસિક | ૧-૨૯ દિવસ જુના બાકી લેણાં | ૩૦-૫૯ દિવસ જુના બાકી લેણાં | ૬૦-૮૯ દિવસ જુના બાકી લેણાં | બાકી લેણાંની અશિષ્ટતા દિવસોમાં ૯૦-૧૭૯ દિવસ જુના બાકી લેણાં | ૧-૧૭૯ જુના બાકી લેણાં |
|---|---|---|---|---|---|
| માર્ચ'૨૦ | 2.06% | 0.50% | 0.42% | 0.86% | 3.84% |
| જૂન'૨૦ | 1.30% | 1.03% | 0.43% | 0.43% | 3.20% |
| સેપ્ટ'૨૦ | 15.35% | 3.47% | 0.39% | 0.63% | 19.83% |
| ડિસે'૨૦ | 7.50% | 4.73% | 3.49% | 4.96% | 20.68% |
| માર્ચ'૨૧ | 4.55% | 2.90% | 2.01% | 4.12% | 13.59% |

- ડિસેમ્બર'૨૦ ની સામે માર્ચ'૨૧ માં ૧-૧૭૯ દિવસ જુના બાકી લેણાંમાં ની અશિષ્ટતા ૨૦.૬૮% સામે ઘટીને ૧૩.૫૯ % થયા છે.
- ડિસેમ્બર'૨૦ ની સામે ૧-૨૯ દિવસ જુના બાકી લેણાંની બકેટમાં ૩% નો ઘટાડો નોંધાયો છે.
- માર્ચ ૨૦૨૧ માં ૬૦-૮૯ દિવસની બાકી લેણાંની બકેટમાં ન્યુનતમ અશિષ્ટતા નોંધાઇ છે

**Note:** Delinquencies calculated basis POS.

# ભૌગોલિક સંપર્ક



# ટોચના ૧૦ રાજ્યોના પોર્ટફોલિયોના વલણ


| ટોચના ૧૦ રાજ્યો | માર્ચ'૨૦ બાકી પોર્ટફોલિયો (રૂ_કરોડમાં) | ક્રમ | માર્ચ'૨૧ બાકી પોર્ટફોલિયો (રૂ_કરોડમાં) | ક્રમ | વાર્ષિક વિકાસની % |
|---|---|---|---|---|---|
| પશ્ચિમ બંગાળ | 29,858 | 1 | 37,201 | 1 | 25% |
| તામિલનાડુ | 27,077 | 2 | 31,248 | 2 | 15% |
| બિહાર | 25,427 | 3 | 28,997 | 3 | 14% |
| કર્ણાટક | 17,594 | 4 | 20,330 | 4 | 16% |
| મહારાષ્ટ્ર | 15,352 | 5 | 17,224 | 6 | 12% |
| ઉત્તર પ્રદેશ | 14,478 | 6 | 18,011 | 5 | 24% |
| ઓડિશા | 12,489 | 7 | 14,178 | 8 | 14% |
| મધ્ય પ્રદેશ | 12,354 | 8 | 15,006 | 7 | 21% |
| આસામ | 11,025 | 9 | 10,498 | 10 | -5% |
| રાજસ્થાન | 8,590 | 10 | 11,085 | 9 | 29% |
| ટોચના ૧૦ રાજ્યો | 174,244 | - | 203,778 | - | 17% |
| અન્ય | 37,605 | - | 45,499 | - | 21% |
| ઇન્ડસ્ટ્રી | 211,849 | - | 249,277 | - | 18% |

- માર્ચ ૨૦૨૦ અને માર્ચ ૨૦૨૧ માં ટોચના ૧૦ રાજ્યોનો બાકી રહેલા પોર્ટફોલિયોમાં યોગદાન ૮૦% કરતા વધારે નોંધેલ  છે.
- ૨૫% સાથે બાકી રહેલા પોર્ટફોલિયો માં  વેસ્ટ બેંગોલ ટોચના ક્રમે છે  જે ઇન્ડસ્ટ્રીના ૧૮% વિકાસ કરતા વધારે છે. મહારાષ્ટ્ર જે
- માર્ચ ૨૦૨૦ મેં ૫ માં ક્રમે હતો તે માર્ચ ૨૦૨૧ માં સરકીને ૬ઠાં ક્રમે આવેલ છે.

**Note:** Selection of Top 10 states is basis POS of March 2020

Ranks assigned basis POS

# ટોચના ૧૦ રાજ્યોનો અશિષ્ટતાનો વલણ




- માર્ચ ૨૦૨૧ પ્રમાણે, ૯૦+ અશિષ્ટતા આસામ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્ર ની અશિષ્ટતા ઇન્ડસ્ટ્રી કરતા વધારે હતી.
- કર્ણાટક સિવાય, ૯૦+ અશિષ્ટતા ટોચના બધા રાજ્યોની માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં વધી છે.


**Note:** * Selection of Top 10 states is basis POS of March 2020.

Delinquencies calculated basis POS.

# કર્ણાટક રાજ્યની વ્યાપક રૂપરેખા



# કર્ણાટક રાજ્યનું અવલોકન




| ૩૧ માર્ચના૨૦૨૧ રોજે કર્ણાટક રાજ્ય | બેંક્સ | એસએફબીઝ | એનબીએફસીઝ-એમએફઆઈઝ | એનબીએફસીઝ | નફો ન રળતી એમએફઆઈઝ | કુલ ઇન્ડસ્ટ્રીઝ |
|---|---|---|---|---|---|---|
| એક્ટિવ લોન્સ ('૦૦૦) | 2,612 | 1,351 | 3,844 | 868 | 1 | 8,676 |
| પોર્ટફોલિયો બાકી લેણા (રૂ કરોડમાં ) | 5,455 | 3,059 | 9,734 | 2,078 | 4 | 20,330 |
| બાકી લેણાના પોર્ટફોલિયોમાં માર્કેટ શેર | 27% | 15% | 48% | 10% | 0% | - |
| વિતરણ કરેલ રકમ (રૂ કરોડ)- જેએફએમ'૨૧ | 2,532 | 914 | 3,584 | 524 | 1 | 7,555 |
| એવરેજ ટિકટ સાઈઝ (રૂ) -જે એફ એમ ૨૧ | 33,933 | 37,389 | 38,315 | 41,603 | 44,856 | 36,814 |
| ૩૦+ શિષ્ટતા બાકી લેણું | 3.48% | 5.71% | 3.02% | 6.29% | 1.77% | 3.88% |
| ૯૦+ શિષ્ટતા બાકી લેણું | 0.87% | 2.71% | 1.72% | 2.62% | 0.49% | 1.73% |

- ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજે કર્ણાટક રાજ્યનું બાકી લેણાનું પોર્ટફોલિયો રૂ ૨૦,૩૩૦ કરોડ હતું.
- બાકી લેનાના પોર્ટફોલિયોમાં  એનબીએફસી-એમએફઆઈઝનો માર્કેટ શેર ૪૮% ના ઉચ્ચતમ સ્તરે હતું.
- જેએફએમ'૨૧ માં કર્ણાટકમાં રૂ ૭,૫૫૫ કરોડ ની લોનનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- એનબીએફસીઝ, એનબીએફસી-એમએફઆઈઝ, એસએફબીક્સ અને નફો ન રળતી માઇક્રો ફાઇનૅન્સ સંસ્થાઓની એટીએસ કર્ણાટક કરતા વધારે હતી.
- બેંક્સ અને નફો ન રળતી માઇક્રો ફાઇનૅન્સ સંસ્થાઓની ૯૦+ ની શિષ્ટતા કર્ણાટકમાં ૧% કરતા ઓછી હતી.


# કર્ણાટકમાં વિતરણના વલણો

No. of Loans Disbursed (in '000)

| ટિકટ સાઇઝ | જેએફએમ'૨૦ | એએમજે '૨૦ | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ'૨૧ |
|---|---|---|---|---|---|
| ૦કે - ૧૦કે | 253 | 21 | 94 | 232 | 185 |
| ૧૦કે - ૨૦કે | 231 | 94 | 188 | 159 | 193 |
| ૨૦કે -૩૦કે | 375 | 10 | 137 | 267 | 347 |
| ૩૦કે - ૪૦કે | 480 | 16 | 200 | 398 | 496 |
| ૪૦કે -૫૦કે | 272 | 9 | 152 | 242 | 326 |
| ૫૦કે -૬૦કે | 135 | 6 | 82 | 173 | 226 |
| ૬૦કે + | 83 | 4 | 98 | 236 | 278 |
| કુલ | 1,829 | 160 | 951 | 1,707 | 2,051 |


- લોન મેળવવાની બાબતમાં કર્ણાટક રાજ્યે જેએફએમ'૨૦ ની સામે જેએફએમ'૨૧ માં વાર્ષિક ધોરણે ૧૨% નો વિકાસ નોંધાવ્યો છે
- ૩૦કે-૪૦કે ની શ્રેણીમાં એએમજે'૨૦ ના ત્રિમાસિક સિવાય દરેક ત્રિમાસિકમાં ઊંચા સ્તરનું વિતરણ નોંધવામાં આવ્યું છે

# કર્ણાટક બાકી પોર્ટફોલીઓ




- માર્ચ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ ના સમય ગાળામાં કર્ણાટકનું પોર્ટફોલીઓનું બાકી લેણું ૧૬% વધારે નોંધાયું છે.
- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં ઉચ્ચતમ માર્કેટ શેર દરેક ત્રિમાસિકમાં એનબીએફસીઝ -એમએફઆઇઝ નો છે તેના પછીના ક્રમે બેંકો આવે છે.
- બેન્કોનો માર્કેટ શેર વધી રહ્યો છે. તે વધીને માર્ચ ૨૦૨૦ ના ૨૦% થી વધીને ૨૭% નોંધાયો છે.


# કર્ણાટક અશિષ્ટતાના (અપરાધના) વલણો




- એકંદરે માર્ચ ૨૦૨૧માં કર્ણાટકમાં ૯૦+ અશિષ્ટતામાં માર્ચ ૨૦૨૦ ની સામે સુધારો જોવા મળે છે, માર્ચ ૨૦૨૦ માં જે દર ૨.૪૧% હતો તે ઘટીને માર્ચ ૨૦૨૧ માં ૧.૭૩% નોંધાયો છે
- માર્ચ ૨૦૨૦ માં જે ૯૦+ ની અશિષ્ટતા ૩.૧૪% નોંધવામાં આવી હતી તે ની સામે માર્ચ ૨૦૨૧માં સુધારો જોવા મળેલ છે અને તે ૦.૮૭% ના સ્તરે નોંધવામાં આવેલ છે


**Note:** Delinquencies calculated basis POS.


# મહત્વાકાંક્ષી જિલ્લાઓ



# Aspirational Districts


## March 2021 Overview




Banks SFBs NBFC-MFIs NBFCs Not for Profit MFIs

ધિરાણ કરેલ શ્રેણી પ્રમાણે ૩૦+ અને ૯૦+ ના પોર્ટફોલિયોની અશિષ્ટતા




ધિરાણ કરેલ શ્રેણી પ્રમાણે ૩૦+ ના પોર્ટફોલિયોની અશિષ્ટતા ધિરાણ કરેલ શ્રેણી પ્રમાણે ૯૦+ ના પોર્ટફોલિયોની અશિષ્ટતા

| મહત્વાકાંક્ષી જિલ્લાઓના વિકાસની વિગત | ડિસેમ્બર ૨૦૧૭ | માર્ચ ૨૦૨૧ | વિકાસ દર% |
|---|---|---|---|
| એક્ટિવ ગ્રાહક સુધી પહોંચ ('૦૦૦) | 4,155 | 8,544 | 106% |
| રકમનું વિતરણ (રૂ કરોડમાં) | 14,374 * | 27,397 ** | 91% |
| એક્ટિવ લોન્સ ('૦૦૦) | 6,925 | 13,681 | 98% |
| પોર્ટફોલિયોના બાકી લેણાં (રૂ કરોડમાં) | 11,175 | 31,856 | 185% |
| ૩૦+ અશિષ્ટતા | 1.54% | 7.68% | - |
| ૯૦+ અશિષ્ટતા | 0.75% | 3.32% | - |

- ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ મહત્વાકાંક્ષી જિલ્લાઓના પોર્ટફોલીઓનું બાકી લેણું રૂ. ૩૧,૮૫૬ કરોડ હતું જેમાં ૪૩% હિસ્સો બેન્કોનો હતો તે પછીના ક્રમે ૩૫% હિસ્સા સાથે એનબીએફસીઝ- એમએફઆઇઝ હતી
- ૩૦+ અને ૯૦+ ના પોર્ટફોલિયોની અશિષ્ટતામાં એનબીએફસીઝ ઉચ્ચ સ્થાને હતી જે પછીના ક્રમે બેંકો હતી
- ડિસેમ્બર ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૧ ના સમય ગાળા દરમ્યાન પોર્ટફોલિયોની ના બાકી લેણાંમાં ૧૮૫% અને વિતરણની રકમમાં ૯૧% નો વધારો નોંધવામાં આવ્યો હતો

નોંધ: * વિતરણ જાન્યુઆરી ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૭ / ** એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ માં થયેલ વિતરણ. અશિષ્ટતા પોર્ટફોલિયોના બાકી લેણાના આધારે ગણવામાં આવી છે

# કોવિડ -૧૯ અને ભૌગોલિક વલણ




Powering the World with knowledge ™

## ઝોન પ્રમાણે માર્કેટ શેર (બજારમાં હિસ્સો)

માઇક્રોફાઇનાન્સ સેક્ટર પર કોવિડ ૧૯ ની અસર નું વિશ્લેષણ કરતા, વિવિધ ઝોનમાં વિતરણના વલણો (ટ્રેન્ડ્ઝ) નું પ્રથક્કરણ માર્કેટ શેર માં ધિરાણકરનારાઓ અને એવરેજ ટિકટ સાઈઝ ના આધારે કરવામાં આવ્યું હતું. ધિરાણકરનારાઓ દ્વારા આપવામાં આવેલી માહિતીને આધારે ઝોનની વ્યાખ્યા કરવામાં આવેલ છે. માહિતીની સરખામણી વાર્ષિક સમયાંતરે કરવામાં આવેલ છે, જેમાં જેએફએમ'૨૦ ને કોવિડ પહેલાનો સમય માનવામાં આવ્યો છે.


**Zone wise Market Share basis Disbursed Amount**




- વિતરણ કરેલી રકમમાં સૌથી મોટો ફાળો પૂર્વ ઝોનનો છે જે કુલ વિતરણ કરેલી રકમના ૪૫% નજીક છે
- એકંદરે માર્કેટ શેર માં હિસ્સેદારીના વલણ જેએફએમ'૨૦ ની સમાન જ છે, ઉત્તર ઝોનમાં ૧% વધારો નોંધવામાં આવ્યો છે જયારે દક્ષિણ ઝોનમાં ૧% ઘટાડો નોંધવામાં આવ્યો છે

નોંધ : પૂર્વ ઝોન- અરુણાચલ પ્રદેશ,આસામ,બિહાર,છત્તીસગઢ,ઝારખંડ,મણિપુર,મેઘાલય,મિઝોરમ,નાગાલેન્ડ, ઓરિસ્સા,સિક્કિમ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ.
પશ્ચિમ ઝોન- દાદરા અને નગર હવેલી દમણ અને દીવ,ગોઆ, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.
ઉત્તર ઝોન- ચંડીગઢ,દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ.
દક્ષિણ ઝોન-આંદામાન અને નિકોબાર આયલેન્ડસ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, લક્ષ્યદીપ, પોન્ડિચેરી, તામિલનાડુ અને તેલંગાણા.


## પ્રદેશ અને ધિરાણ કરનારા પ્રમાણે માર્કેટ શેયર વિતરણના વલણ/ રકમ




- દરેક ઝોનમાં બેન્કોનો માર્કેટ શેર માર્ચ ૨૦૨૦ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૧ માં વધ્યો છે અને ઉત્તર ઝોનમાં તેનો વિકાસ ૭% ની ઉચ્ચ સીમાએ છે.
- બેંકો સિવાય ફક્ત એનબીએફસી -એમએફઆઇઝ માર્કેટ શેરમાં વિકાસ નોંધાવવામાં સફળ રહી છે અને તે પણ દક્ષિણ ઝોનમાં.

# ઝોન પ્રમાણે એવરેજ ટિકટ સાઈઝના વલણો

ઝોન પ્રમાણે એવરેજ ટિકટ સાઈઝના વલણો




- વર્ષાન્તરે એવરેજ ટિકટ સાઈઝમાં દક્ષિણ ઝોને જેએફએમ'૨૦ થી જેએફએમ'૨૧ વચ્ચે સૌથી વધુ ૧૩% નો વિકાસ નોંધાવ્યો છે
- જેએફએમ'૨૦ થી જેએફએમ'૨૧ વચ્ચે પશ્ચિમ અને ઉત્તર ઝોનની એવરેજ ટિકટ સાઈઝ ૯% વિકસવા પામી છે

## સીડબી વિશે

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્કની સ્થાપના પાર્લામેન્ટ માં કાયદો પસાર કરીને ૧૯૯૦ માં કરવામાં આવી હતી. સીડબીને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે સેવા કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે અને ત્રિપાંખિયા કાર્યસૂચિ પ્રમાણે સૂક્ષ્મ, નાના અને મધ્યમ (એમએસએમઈ સેક્ટર)એકમોના પ્રસાર વિકાસ અને નાણાકીય સવલતો પુરી પાડવાની જવાબદારી સોંપવામાં આવી છે અને આવીજ સમાન કાર્યપ્રણાલી સાથે જોડાયેલી સંસ્થાઓ સાથે સંકલન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ નાણાકીય અને વિકાસના પગલાં લઈને બેંકે અનેક સ્તરે સમાજના લોકોના જીવનમાં ઉજાસ પાથર્યો છે, આખા એમએસએમઈ સ્પેક્ટ્રમ અને એકમો પર છાપ છોડી છે, એમએસએમઇ ઇકોસિસ્ટમની નામાંકિત સંસ્થાઓ સાથે જોડાયેલી રહી છે.

વિઝન ૨.૦ અંતર્ગત સીડબીએ એમએસએમઈ સેક્ટરના ઉત્થાન અને ચળવળમાં અગ્રણી ભૂમિકા ભજવી છે અને એમએસએમઈ સેક્ટરની અસમપ્રમાણતા માટે એમએસએમઈ પલ્સ, એમએસએમઈના સ્વાસ્થ્યની દેખરેખ માટે એમએસએમઈઝ અને ક્રિસિડેક્સ, એમએસઇના સેન્ટિમેન્ટ્સ અને મહત્વાકાંક્ષાઓની માપણી માટે, ઇન્ડસ્ટ્રી સ્પોટલાઇટ, એક સમાવેશી રિપોર્ટ ઇન્ડસ્ટ્રીના ધિરાણ કરનારાઓ માટે ફિનટેક પલ્સ અને એમએસએમઈ પલ્સ સિવાય જમા રાશિની આંતરિક બાબતો જેવીકે ફિનટેક ધિરાણ પ્રભાગ.

## SIDBI in Microfinance space

સીડબીએ માઇક્રો ફાઇનાન્સ ચળવળના ઉત્થાન અને સમાવેશી ફાઇનાન્સ ની યોજનાને આગળ ધપાવવાં અગ્રણી ભૂમિકા ભજવી છે. બેંકો દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં માઇક્રો ફાઇનાન્સ સંચિત સહાયની પહેલના ભાગરૂપે કુલ રૂ ૨૦,૫૯૮ કરોડનું વિતરણ કરેલ છે જેના વડે અંદાજે ૪ કરોડ એકમોને લાભ મળ્યો છે. એમએફઆઇઝને મૂડી અને દેવાની સહાય આ સંસ્થાઓને આપવામાં આવતા કેપેસીટી બનાવવા અને વધારવા માટેનો મદદ કરવી, કોર્પોરેટ આધારિત સંચાલન અને અનુપાલન જેવી વિચારણાઓને આત્મસાત કરવામાં આવી છે. આના સિવાય માઇક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીને હાથ પકડીને તેની નાજુક શરૂઆતની અવસ્થામાંથી એક સંપૂર્ણ ઇન્ડસ્ટ્રી તરીકે વિકસાવવા અને પરાકાષ્ઠા સુધી પહોંચાડવામાં અમારા ૮ મહત્વના ભાગીદારો છે જેમાં એમએફઆઇઝ એસએફબીઝ / યુનિવરસલ બેન્કોનો મહત્વનો ફાળો છે. અગત્યની ભૂમિકાની શરૂઆતના ભાગરૂપે નાની નાની લોનો અને સૂક્ષ્મ ધિરાણ સીધે સીધું સીડબી દ્વારા ( ભાગીદારી વ્યવસ્થા થકી ) માર્કર રેટ કરતા ઘણા નીચા વ્યાજ દરે સીડબી દ્વારા પૂરું પાડવામાં આવે છે. આવા પ્રયાસોના ભાગરૂપે પિરામિડના નીચલા સ્તરના એકમોને બેંકો દ્વારા નાની ટિકટ સાઇઝની ૫૦,૦૦૦ થી લઈને ૫,૦૦,૦૦૦ લાખ સુધીની લોન પાર્ટનરશીપ મોડેલના ઓથા હેઠળ બજારના દરો કરતા પ્રમાણમાં નીચા દરે પુરી પાડવામાં આવે છે..

## ઇક્વિફેક્સ વિશે

ઇક્વિફેક્સ એક વૈશ્વિક, માહિતીના ઉકેલ આપતી કંપની છે જે આધારભૂત માહિતી નું આગવીરીતે પ્રથથકરણ કરે છે અને સંસ્થાઓને અને વ્યક્તિગતોને આખી દુનિયામાં તકનીક અને કુશળતા પુરી પાડે છે, તેઓ જાણકારી અને આંતરદ્રષ્ટિ વડે વ્યવસાયના નિર્ણયો લેવામાં વધારે માહિતગાર કરે છે.

ઇક્વિફેક્સનું હેડક્વાટર એટલાન્ટામાં આવેલું છે તેઓ નોર્થ અમેરિકાના, સેન્ટ્રલ અને સાઉથ અમેરિકા, યુરોપ અને એશિયા અને પેસિફિક વિસ્તારના ૨૪ દેશોમાં કામ કરે છે અને નિવેશ કરે છે. તેઓ સ્ટાન્ડર્ડ અને પૂઅર્સ ( એસ એન્ડ પી ) ૫૦૦ ના સદસ્ય છે અને આનો સંયુક્ત શેરનું ઇએફએક્સ ના નામ હેઠળ ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ પર ખરીદ વેચાણ થાય છે. ઇક્વિફેક્સમાં વૈશ્વિક સ્તરે ૧૧,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે, તેમનો ધિરાણમાં ૧૨૦ વર્ષ કરતા વધારે સમયનો વારસો છે, વર્ષ ૨૦૧૦ માં ઇક્વિફેક્સ એ ભારતના બઝારમાં પોતાની નોંધ લેવડાવી હતી અને આરબીઆઇએ તેઓને સીઆઈસી તરીકે કામ કરવાનું લાયસન્સ આપ્યું હતું. છેલલા ૯ વર્ષોમાં ક્રેડિટ બ્યુરોમાં ૪૦૦૦ કરતા વધારે સભ્યો નોંધાયા છે જેમાં બેન્ક, એનબીએફસીઝ એમએફઆઇઝ અને વીમા કરનારાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો લાખો ભારતીય ઉપભોક્તાઓની પેસા પરત કરવાની ટેવોની માહિતી પુરી પાડે છે. વર્ષ ૨૦૧૪ માં ઇક્વિફેક્સએ વધારે આગળ વધીને ઇક્વિફેક્સ એનાલિટિક પ્રાઇવેટ લિ નું સંપાદન કરીને પગરણ માંડ્યા છે, ઇક્વિફેક્સ એનાલિટિક તે ઇક્વિફેક્સની સંપૂર્ણ માલીકીનીં અને વિશ્લેષણ કરતુ એકમ છે જે અતુલ્ય અને વૈવિધ્યસભર માહિતીનું પ્રથથકરણ આપે છે જેના લીધે વ્યવસાયના પ્રદર્શન અને ઉપભોક્તાની જીવનશેલીમાં સમૃદ્ધિ આવે છે.

## અસ્વીકરણ

માઇક્રો ફાઇનેન્સ પલ્સ નો (રિપોર્ટ) ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફોરમેશન સર્વિસેસ પ્રાઇવેટ લી, (ઇક્વિફેક્સ) દ્વારા ઉપલબ્ધ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જે ઉપભોક્તા આ માહિતીને સ્વીકારે છે અને ઉપયોગમાં લે છે તે આ અસ્વીકરણ થી બંધાયેલા છે. આ રિપોર્ટ માર્ચ ૨૦૨૧ ના દિવસે સભાસદ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતીના આધારે ઇકવીફેક્સ દ્વારા તૈયાર કરવાં આવ્યો છે અત્રે એ ઉમેરવું નિહાયત જરૂરી છે કે રિપોર્ટ બનાવતી વખતે ઇકવીફેક્સ પૂરતી કાળજી લે છે, તે આંકડાની ચોકસાઇ, ભૂલો અને અવગણના માટે અને માઇક્રો ફાઇનેન્સ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી અધૂરી અને અપૂરતી માહિતી માટે જવાબદાર ન ઠેરવી શકાય. વધુમાં ઇકવીફેક્સ રિપોર્ટમાં વર્ણવેલી માહિતીની પર્યાપ્તતા અને સંપૂર્ણતા માટે અથવા કોઇ વિશિષ્ટ હેતુના ઉપયોગ માટે સ્પષ્ટ રીતે જવાબદાર ના ઠેરવી શકાય. ઇકવીફેક્સના આ રિપોર્ટ ના આધારે કોઇ પણ રીતે કોઇ પણ પ્રકારની અરજીની અસ્વીકૃતિ માટેની ભલામણ / સ્વીકરણ / અવગણના માટે માહિતીના આધારે જવાબદાર ગણી શકાશે નહિ. (૧) કોઇ પણ ધિરાણ કરવું કે ન કરવું અને (૨) લાગતાં વળગતા વ્યક્તિ કે સંસ્થા સાથે કોઇ પણ નાણાકીય વ્યવહાર કરવો કે ન કરવો ની ભલામણ માટે નથી. આ રિપોર્ટમાં આવરી લેવામાં આવેલી માહિતી કોઇ પણ પ્રકારની સલાહ નથી, ઉપયોગકર્તાએ આ માહિતીના આધારે નિર્ણય લેતા પહેલા પોતાની જાતે માહિતીનું પ્રથથકરણ પોતાની સમજદારી પ્રમાણે કરવું આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઇ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ ( નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઇ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં

## સમ્પર્કમાટેની માહિતી

ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસીઝ પ્રાઇવેટ લિ.
યુનિટ નં, ૯૩૧, ત્રીજો માળ, બિલ્ડીંગ નં ૯,
સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ,
અંધેરી (પૂર્વ) મુંબઇ - ૪૦૦ ૦૯૩
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૦૯૩૨૪૭
ecissupport@equifax.com

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્ક
સ્વાવલંબન ભવન, પ્લોટ નં. સી -૧૧, 'જી ' બ્લોક,
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ)
મુંબઇ = ૪૦૦ ૦૫૧ મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૨૬૭૫૩
www.sidbi.in/en

Copyright © 2021, Equifax Inc., Atlanta, Georgia. All rights reserved. Equifax is a registered trademarks of Equifax Inc.